## ડિસ્પોઝેબલ રિલેશનશિપ કચકડા જેવા સંબંધો...

# GEN-Zની સૌથી મોટી સમસ્યા



**ઓહ! ઇટ્સ કોમ્પ્લિકેટેડ**

★ રીના બ્રહ્મભટ્ટ

અમદાવાદની એક ઢળતી સાંજે બ્લ્યુ ઓવન કેફેમાં નિશા અને હર્ષ બેઠા હતા. બંને લગભગ બે વર્ષથી સંબંધમાં હતા. શરૂઆતના દિવસોમાં કલાકો સુધી વાતો, અચાનક મળવાની યોજનાઓ, એકબીજાની નાની-મોટી પસંદગી યાદ રાખવી અને ભવિષ્યના સોનેરી સપનાઓ જોતા સારા જીવનની આશા લઈને બન્ને સમય પસાર કરી રહ્યા હતા.બધું જ સુંદર હતું. નિશા નો બર્થડે નજીકમાં હતો તેથી તેને મનમાં હતુ કે, હર્ષ મારા માટે સરપ્રાઈઝ પાર્ટી રાખશે અને મને મોંઘી ગીફ્ટ આપશે.પણ તે દિવસે ઉલટું થયું સાંજ ઢળી તેમછતાં હર્ષનો કોલ પણ ન આવ્યો.મોર્નિંગમાં બર્થ-ડે વિશના મેસેજ બાદ આખો દિવસ આમ ખાલી જતો જોઈ નિશા અકળાઈ ઉઠી. તેમછતાં તેણે સાંજ થવાની રાહ જોઈ.પણ હર્ષનો ન કોઈ કોલ ન તે આવ્યો.નિશા માટે આ હર્ટબ્રેકીંગ હતું.તેણે તે જ રાતે દુઃખી મને અને ભગ્ન હ્રદયે નક્કી કરી નાખ્યું કે તે હવે હર્ષ સાથે રિલેશનશિપમાં આગળ નહીં વધે. બીજા દિવસે હર્ષે તેની આખા દિવસની મિટિંગ અંગે બહુ સમજાવવા પ્રયત્ન કર્યો.પણ નિશા માની જ નહીં કે, આખો દિવસમાં સમય જ ન મળે ? સામે છેડે હર્ષ પોતે પણ આખા દિવસની ડેલિગેશનન સાથેની મીટિંગથી કંટાળેલો હતો. આ મતભેદો હવે વધવા લાગ્યા અને બન્ને કમને મળતાં .જેથી હર્ષ હવે આ મતભેદો ટાળવા કામમાં વ્યસ્ત રહેવા લાગ્યો અને ક્યારેક નિશાના મેસેજનો જવાબ મોડો આપતો. નિશાને લાગતું કે હર્ષ હવે તેને પહેલાં જેટલું મહત્વ આપતો નથી. એક દિવસ નાની વાત પર બંને વચ્ચે ઉગ્ર દલીલ થઈ અને નિશાએ ગુસ્સામાં કહી દીધું, હવે મારાથી આ સંબંધ નહીં રાખી શકાય. હર્ષે પણ તરત જવાબ આપ્યો, ઠીક છે, તો આપણે અલગ થઈ જઈએ.બે વર્ષનો સંબંધ થોડા મિનિટની ગરમાગરમીમાં પૂરો થઈ ગયો. બીજા દિવસે બંનેને સમજાયું કે કદાચ જલ્દીમાં બન્નેએ એકબીજાને ન કહેવાના શબ્દો કહ્યા છે.સમસ્યા એટલી મોટી નહોતી જેટલી તે ક્ષણે લાગી હતી, પરંતુ ત્યાં સુધીમાં નિર્ણય લેવાઈ ચૂક્યો હતો. હવે બન્નેને વાત કરવામાં પણ ક્ષોભ થતો હતો.આમ એક સારા અને લાંબા સંબંધો મામૂલી બાબતમાં તૂટી ગયા.

આ જ માનસિકતાને આજે "ડિસ્પોઝેબલ રિલેશનશિપ" તરીકે ઓળખવામાં આવે છે.જ્યાં સંબંધમાં મુશ્કેલી આવે એટલે તેને સુધારવાનો પ્રયાસ કરવાને બદલે સંબંધ જ બદલી નાખવો લોકોને હવે ઈઝી લાગે છે.લોકો તેમ સમજે છે કે, ભવિષ્યમાં પણ સંબંધોમાં વિખવાદ થાય તેના કરતા આવા સંબંધો આગળ જ ન વધારવા .થોડું પણ યોગ્ય ન લાગ્યું. કોઈપણ બાબતમાં એકમત ન હોવ , એકબીજાને સમજતા ન હોવ એટલે સંબંધો નો અંત લાવી ઝંઝટ જ છોડો.આ માનસિકતા હવે એક્સેપ્ટેબલ બની ચુકી છે.

કેટલાક તો તેવા ઉદાહરણો આપણી આસપાસ બને છે કે, લગ્નના 2 જ દિવસ કે અરે 24 કલાકમાં લોકો ડિવોર્સ લેવા લાગ્યા છે.તેવી માનસિકતા કેળવાવવા લાગી છે કે, જ્યાં રીલેશન આગળ વધવાની શક્યતા જ ન હોય ત્યાં કેમ આગળ જ વધવું ? કેમ ફ્યુચર માટે રીસ્ક લેવું ? વેલ ,ત્યારે અહીં ડિસ્પોઝેબલ રિલેશનશિપનો અર્થ એ નથી કે દરેક સંબંધ તોડવો ખોટો છે. કેટલાક સંબંધો ખરેખર તોડવા જરૂરી હોય છે. જો સતત અપમાન, વિશ્વાસઘાત, નિયંત્રણ, હિંસા કે માનસિક ત્રાસ હોય તો માત્ર ધીરજ રાખો કહીને કોઈને સંબંધમાં રહેવાનું કહેવું યોગ્ય નથી. પરંતુ સામાન્ય મતભેદ, એકબીજાથી અલગ વિચાર, ક્યારેક સમય ન આપી શકવો કે નાની ગેરસમજ થાય એટલે તરત સંબંધ પૂરો કરી દેવાની માનસિકતા ચોક્કસપણે ચર્ચા લાયક છે.

આજની પેઢી પ્રેમ કરતી નથી એવું કહેવું ખોટું છે. યુવાનો પ્રેમ કરે છે, લાગણીઓ અનુભવે છે અને સંબંધને લઈને ગંભીર પણ બને છે. પરંતુ સંબંધો અંગેની અપેક્ષાઓ બદલાઈ છે. આજે ઘણા લોકો એવો સંબંધ ઈચ્છે છે જેમાં તેમને પ્રેમ, ધ્યાન, સમજણ અને ખુશી મળે, પરંતુ જ્યારે સંબંધમાં મુશ્કેલી આવે ત્યારે તેને ઉકેલવા માટે જરૂરી સમય અને ધીરજ રાખવી મુશ્કેલ લાગે છે. પાર્ટનર પોતાની અપેક્ષા પ્રમાણે વર્તે નહીં તો તરત વિચાર આવે છે કદાચ આ યોગ્ય વ્યક્તિ નથી કે મને આની સાથે નહીં જ ફાવે.

આ માનસિકતામાં સોશિયલ મીડિયા અને ડિજિટલ દુનિયાની પણ ભૂમિકા છે. આજે કોઈ સંબંધમાં મુશ્કેલી આવે તો વ્યક્તિની દુનિયા ત્યાં પૂરી થતી નથી. નવા લોકો સાથે વાતચીત કરવી સરળ છે, સોશિયલ મીડિયા પર નવી ઓળખાણ થઈ શકે છે અને ડેટિંગ એપ્સ પર પણ નવા વિકલ્પો મળી શકે છે. એટલે મનમાં એક વિચાર ઝડપથી આવી શકે છે જો આ સંબંધ નથી ચાલતો તો બીજો મળી જશે. પરંતુ નવા સંબંધની શરૂઆત હંમેશાં સુંદર હોય છે,સંબંધને લાંબા સમય સુધી સાચવવા માટે જે સમજણ અને ધીરજ જોઈએ છે તે શરૂઆતના આકર્ષણથી મળતી નથી.

પરંતુ આજના ફાસ્ટ યુગમાં કપડાં બદલાય તેમ જાણે સંબંધો બદલાવવા લાગ્યા છે.નાની વાતોમાં સંબંધોમાં તિરાડ પડવાની શરૂઆત થાય છે.ચલાવી નહીં લેવાની માનસિકતા પણ જન્મે છે. મારો પાર્ટનર સારો છે, પણ કદાચ કોઈ વધુ સારું મળી શકે.આ સંબંધમાં થોડી સમસ્યા છે, તો બીજું કંઈક શોધી લઈએ. સતત વિકલ્પો ઉપલબ્ધ હોવાનો ભ્રમ માણસને વર્તમાન સંબંધમાં રોકાઈને સમસ્યા ઉકેલતા પણ અટકાવી શકે છે. પરંતુ સવાલ એ છે કે શું દુનિયામાં કોઈ એવો વ્યક્તિ છે જેમાં કોઈ ખામી જ ન હોય?

સોશિયલ મીડિયા પર દેખાતા સંબંધો પણ આ માનસિકતાને વધારે અસર કરી શકે છે. અહીં કપલ્સની સુંદર તસવીરો, સરપ્રાઈઝ, પ્રવાસ, ભેટો અને રોમેન્ટિક ક્ષણો સતત જોવા મળે છે. પછી વ્યક્તિ પોતાના સંબંધની સરખામણી એ દેખાતી દુનિયા સાથે કરવા લાગે છે. મારો પાર્ટનર આવું કેમ નથી કરતો? અથવા બીજા કપલ્સ તો કેટલા ખુશ છે! પરંતુ સોશિયલ મીડિયા પર દેખાતી થોડી સેકન્ડની ખુશી આખા સંબંધની હકીકત નથી. દરેક લાંબા સંબંધમાં મતભેદ, કંટાળો, નિરાશા અને મુશ્કેલ સમય આવે છે.

ત્યારે અહીં કોઈપણ ઉંમરની વ્યક્તિને તે સમજવું જરૂરી છે કે, ક્યારેક સંબંધમાં સમસ્યા ખરેખર મોટી હોતી નથી, પરંતુ અપેક્ષાઓ મોટી થઈ ગઈ હોય છે. પાર્ટનર તરત મેસેજનો જવાબ આપે, દરેક વાત સમજે, દરેક સમયે સમય આપે, દરેક નિર્ણયમાં સાથ આપે અને હંમેશાં રોમેન્ટિક રહે આવી અપેક્ષાઓ વાસ્તવિક જીવનમાં હંમેશાં શક્ય નથી. બે અલગ વ્યક્તિઓ એકસાથે રહે ત્યારે મતભેદ થવાના જ. સવાલ એ નથી કે મતભેદ થાય છે કે નહીં સવાલ એ છે કે મતભેદ પછી બંને શું કરે છે ?

આજના સંબંધોમાં તે મને ઈગ્નોર કરે છે અને મારી વાત ટાળે છે જેવા વાક્યો ઘણી વખત ખૂબ ઝડપથી બોલાઈ જાય છે. ક્યારેક આ ફરિયાદ ખરેખર યોગ્ય હોય છે, પરંતુ ક્યારેક માત્ર એક ખુલ્લી વાતચીતથી પણ ગેરસમજ દૂર થઈ શકે છે. તું ક્યારેય મને સમજતો નથી કહેવાને બદલે આ વાતથી મને દુઃખ થયું કહેવામાં આવે તો વાતચીતનો રસ્તો ખુલી શકે છે. સંબંધમાં જીતવું કરતાં એકબીજાને સમજવું વધુ મહત્વનું છે.

પરંતુ ધીરજનો અર્થ બધું સહન કરવું પણ નથી. જો કોઈ વ્યક્તિ વારંવાર અપમાન કરે, વિશ્વાસઘાત કરે, નિયંત્રણ રાખે અથવા હિંસા કરે તો ત્યાંથી બહાર નીકળવું જરૂરી બની શકે છે. એટલે દરેક બ્રેકઅપને ધીરજની કમી કહેવું પણ ખોટું છે. સાચી ધીરજ ત્યાં જરૂરી છે જ્યાં બંને વ્યક્તિઓ સંબંધ સુધારવા તૈયાર હોય.

સમસ્યા કદાચ સંબંધ તોડવામાં નથી, પરંતુ નિર્ણય લેવામાં ઉતાવળમાં છે. ગુસ્સાની પાંચ મિનિટમાં લેવાયેલો નિર્ણય અને શાંતિથી વિચાર કર્યા પછી લેવાયેલો નિર્ણય એકસરખો નથી. ક્યારેક એક દિવસનો સમય, એક લાંબી વાતચીત અથવા પોતાની ભૂલ સ્વીકારવાની તૈયારી બે વર્ષના સંબંધને બચાવી શકે છે.

કદાચ આજના સંબંધોની સૌથી મોટી જરૂરિયાત માત્ર પ્રેમ નથી, પરંતુ સંવાદ, સમજણ અને ધીરજ છે. કારણ કે શરૂઆતમાં દરેક સંબંધ સુંદર હોય છે. સાચી કસોટી ત્યારે શરૂ થાય છે જ્યારે બંનેને એકબીજાની ખામીઓ દેખાવા લાગે છે. ત્યાંથી નક્કી થાય છે કે આ સંબંધ માત્ર આકર્ષણ હતો કે ખરેખર એકબીજા સાથે જીવન જીવવાની તૈયારી.

અને કદાચ આ જ કારણ છે કે ડિસ્પોઝેબલ રિલેશનશિપ શબ્દ વિચારવા મજબૂર કરે છે. શું આપણે વસ્તુઓની જેમ સંબંધોને પણ ગમ્યું ત્યાં સુધી રાખો, મુશ્કેલી આવી તો બદલી નાખો એવી માનસિકતા તરફ લઈ જઈ રહ્યા છીએ? શું દરેક મુશ્કેલીનો અર્થ સંબંધ ખોટો છે? કે પછી કેટલીક મુશ્કેલીઓ એવી હોય છે જેને બે વ્યક્તિઓ સાથે બેસીને ઉકેલી શકે?

આખરે સવાલ એ નથી કે આજની પેઢી પ્રેમ કરતી નથી. સવાલ એ છે કે શું આપણે પ્રેમની સાથે આવતી જવાબદારી, સમજણ અને ધીરજ માટે પણ તૈયાર છીએ? શું સંબંધમાં માત્ર સારા દિવસો જોઈએ છે, કે ખરાબ દિવસોમાં પણ એકબીજાનો હાથ પકડીને સમસ્યા ઉકેલવાની તૈયારી છે?

કારણ કે સંબંધ તોડી નાખવો ઘણી વખત સૌથી સરળ નિર્ણય હોય છે પરંતુ સંબંધમાં રહેલી સમસ્યાને બંને સાથે મળીને ઉકેલવી કદાચ સાચી કસોટી છે.



**સોશિયલ મીડિયા પર દેખાતા સંબંધો પણ આ માનસિકતાને વધારે અસર કરી શકે છે**